# ઓગસ્ટ મહિનો મહિમાવંત છે

છેલ્લે તેમણે કહ્યું: “આજે આપણે અંગ્રેજોને પડકાર કરીએ: ‘ક્વિટ ઈન્ડિયા’ - ભારત છોડો, અહીંથી ટળો.” અને તમને હું કહું છું: “કરો યા મરો” - Do or Die. હવે પાણી માથા પરથી વહી રહ્યું છે. આપણે તેમની જોહુકમી વધુ લાંબા સમય સુધી સહી શકીએ એમ નથી. ગાંધીજીએ હાકલ કરી દીધી હતી. બીજે દિવસે ગોવાલિયા ટેન્ક મેદાનમાં ત્રિરંગો ફરકાવવાનો હતો. અંગ્રેજ સરકાર ચેતી ગઈ. બીજા ઘણા વરિષ્ઠ આગેવાનો સાથે તેમની પણ ધરપકડ કરી લેવામાં આવી. પરંતુ આઝાદીના આંદોલનનો જુવાળ એથી ક્યાં શમવાનો હતો! અરુણા આસફ અલીએ ગોવાલિયા ટેન્ક પર પહોંચી જઈ ત્રિરંગો ફરકાવી જ દીધો. મૂઠી હાડકાંના માનવીના સંકલ્પમાં એવી અપ્રતિમ તાકાત હતી કે એક મહિલા અનુયાયી ક્રૂર અંગ્રેજ સરકાર સામે અડીખમ યોદ્ધાની જેમ સામી છાતીએ ગોળી ખાવાની તૈયારી સાથે મેદાને જંગમાં ઊતરી શકતી હતી.

એ સમયે કોઈ પરિણામ કે પરિવારની ચિંતા કરતું નહોતું. “શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે” જેવા સૂત્રો યાદ કરીને ઝીણાભાઈ દરજી જેવા જૂની પેઢીના કોંગ્રેસી આગેવાનો એ ઐતિહાસિક સમયને યાદ કરતાં ગળગળા થઈ જતા - એ મેં સગી આંખે જોયું છે. પણ આપણે અને આખી દુનિયા જાણીએ છીએ કે અભિજિત દીપકને ગાંધી સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ નથી. મોદી કે રાહુલ જે કંઈ હોય, પણ તેઓ સરદાર પટેલ, સુભાષબાબુ કે જવાહરલાલ નહેરુ નથી. એ ધુરંધર સ્વાતંત્ર્યવીરોના પેંગડામાં પગ ઘાલવાની તેમની કોઈ હેસિયત નથી. એટલે આજનાં આંદોલનોને ભૂલથી પણ આઝાદીના આંદોલન સાથે સરખાવવાની ધૃષ્ટતા ન કરવી જોઈએ. ગાંધીજીએ તેમના અનુયાયીઓને બહુ જ તાવી-તાવીને પસંદ કર્યા હતા. તેમને ખબર હતી કે સામી છાતીએ ગોળી ખાવાની તૈયારી રાખવી પડશે. ગોળી મારનારને પણ તેઓ ગાળ બોલતા નહોતા. બહેનો દારૂની દુકાનો સામે પિકેટિંગ કરતી. ન તો તેમની સાથે કોઈ અભદ્ર વર્તન કરવામાં આવતું, ન તો તેઓ પકડી જવા આવેલી અંગ્રેજ સરકારની પોલીસને આજની કેટલીક કિશોરીઓની માફક એલફેલ બોલતી. હા, તારસ્વરે “ટળો હવે અમારા દેશમાંથી...” એવી માંગણી જરૂર કરતી અને જેલો ભરી દેતી. અંગ્રેજ સરકાર વિશ્વયુદ્ધની સમાપ્તિ સુધી ભારતની પ્રજાને આઝાદીના મુદ્દે ધરાર મૂંગી રાખવા કૃતસંકલ્પ હતી. સામા પક્ષે દેશની પ્રજાને દોરવણી આપી રહેલા મૂઠી હાડકાંના માનવીની ધીરજ પણ ખૂટી ગઈ હતી. હવે તેઓ વધુ રાહ જોવા તૈયાર નહોતા. યુદ્ધમાં બ્રિટિશ સેનાની સાથે રહેવાનું વચન પાળ્યું હતું, પણ સાથે જ પ્રજાકીય સરકારની માંગણી પણ મૂકી હતી. વચનભંગથી દેશ આખો નારાજ થઈ ગયો હતો. યુવાનોને અકળામણ થતી હતી કે ગાંધીજી અહિંસા, ઉપવાસ અને સવિનય કાનૂનભંગ જેવા વિવેકસભર ઉપાયો અપનાવશે તો દેશને ક્યારેય આઝાદી નહીં અપાવી શકે. આ ગોરાઓ સાથે તો “Tit for Tat” વાળો વ્યવહાર જ ચાલે - ઈંટનો જવાબ પથ્થરથી જ આપવો જોઈએ. ગાંધીજીએ પ્રજાનો આક્રોશ પારખી લીધો હતો, પણ તેમને તેમના ઈશ્વરપ્રદત્ત અહિંસાના શસ્ત્ર પર ભારે ભરોસો હતો.



**યુવાનોને અકળામણ થતી હતી કે ગાંધીજી અહિંસા, ઉપવાસ અને સવિનય કાનૂનભંગ જેવા વિવેકસભર ઉપાયો અપનાવશે તો દેશને ક્યારેય આઝાદી નહીં અપાવી શકે**

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

ઓગસ્ટ ક્રાંતિનો મહિનો છે. રોમન કેલેન્ડર મુજબ અગાઉ વર્ષના દસ જ મહિના હતા. રોમન તાનાશાહ જુલિયસ સીઝરે ઈ.સ.પૂર્વે ૪૪માં પોતાના નામ પરથી પાંચમા મહિનાનું નામ ‘જુલાઈ’ રાખીને શરૂ કરેલી પ્રથા તેમના દત્તક પુત્ર અને રોમન સામ્રાજ્યના સ્થાપક તથા વિસ્તરક સમ્રાટ ઓગસ્ટસના માનમાં છઠ્ઠા મહિનાનું નામ ‘સેક્સ્ટિલિસ’ બદલીને ‘ઓગસ્ટ’ કરવામાં પરિણમી હતી. તેણે ઈજિપ્ત પર વિજય મેળવ્યો તેની સ્મૃતિમાં તેને આ બહુમાન અપાયું હતું. વળી, પિતાના (ખરેખર તો મોટા બાપાના) નામે જે મહિનો હતો તેમાં એકત્રીસ દિવસ આવતા હોવાથી પુત્ર સમ્રાટના નામનો મહિનો પણ એકત્રીસ દિવસનો રાખવામાં આવ્યો. આખા વર્ષમાં લગાતાર એકત્રીસ દિવસના બે મહિના માત્ર આ જ છે - જુલાઈ અને ઓગસ્ટ. માર્ચથી વર્ષ શરૂ થતું. વસંત ઋતુનો એ રીતે મહિમા કરાયો હતો. વર્ષના આરંભના મહિનામાં અને અંતે દસમા મહિના તરીકે ડિસેમ્બરમાં પણ એકત્રીસ દિવસ હતા.

ઓગસ્ટમાં જ ગાંધીજીએ “કરેંગે યા મરેંગે”ની હાકલ કરી. ઓગસ્ટની નવમી તારીખે અરુણા આસફ અલીએ હિંમતપૂર્વક મોટા રાષ્ટ્રીય નેતાઓની ગેરહાજરીમાં ગોવાલિયા ટેન્ક મેદાનમાં ત્રિરંગો લહેરાવ્યો અને આઝાદીની લડાઈના આખરી તબક્કાનો સૂત્રપાત થયો. ગુજરાતમાં ઓગસ્ટ મહિનો જરા જુદી રીતે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. મહાગુજરાત ચળવળના પરિણામે આપણે ગુજરાત રાજ્ય મેળવવા ભાગ્યશાળી બન્યા હતા. ૧૯૫૬ની સાલમાં બરાબર આઠમી ઓગસ્ટે અમદાવાદમાં ભદ્ર પાસે આવેલા જૂના કોંગ્રેસ ભવન આગળ આજે પણ એક સ્મારક ધૂળ ખાતું ઊભું છે. એક યુવાન હાથમાં મશાલ લઈને ઊભો છે. ગુજરાત કોલેજમાંથી સરઘસ કાઢી નીકળેલા વિદ્યાર્થીઓ પર ગોળીબાર થયો હતો અને પાંચ-છ લાશો ઢળી પડી હતી. વયોવૃદ્ધ ઈન્દુચાચા તેમનો નેનપુર આશ્રમ છોડીને ફરી સક્રિય થયા હતા. “ભુક્કા કાઢી નાખીશું” કહી રણમેદાનમાં ઊતરેલા ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ મહાગુજરાત જનતા પરિષદની રચના થઈ હતી. આ આંદોલને ગુજરાતને મોટા ગજાના નેતાઓ આપ્યા છે. બ્રહ્મકુમાર ભટ્ટ, પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા, સનત મહેતા અને અશોક ભટ્ટ જેવા નેતાઓ આ આંદોલનમાંથી ફણગ્યા હતા. જયંતી દલાલ ઉત્તમ લેખક ઉપરાંત રાજકીય આગેવાન તરીકે પણ સ્થાપિત થયા હતા.

ઓગસ્ટ આપણા ગુજરાતી નેતાઓને હંમેશાં ફળ્યો છે! જેની કલ્પના પણ નહોતી કરી શકાતી એવી એક રાષ્ટ્રીય સિદ્ધિ આપણા ગુજરાતી નેતાઓને ૨૦૧૯ની પાંચમી ઓગસ્ટે મળી હતી. જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને નેસ્તનાબૂદ કરવાની હિંમત મોદી સરકારે દાખવી હતી - એ કેમ ભૂલાય! કલમ ૩૭૦ રદ કરીને જમ્મુ-કાશ્મીર અને લદાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશોની રચના કરવી એ કોઈ ખાવાના ખેલ નહોતા. એ પછી બરાબર એક વર્ષ બાદ પાંચમી ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિરનું ભૂમિપૂજન કરીને મંદિર નિર્માણનો શિલાન્યાસ કર્યો હતો. આ બન્ને ઐતિહાસિક સિદ્ધિઓ હતી - તેની નોંધ તો તેમના વિરોધીઓએ પણ લેવી પડશે.

ઓગસ્ટ ભીનો મહિનો છે. આપણો શ્રાવણ તેની સમાંતરે ચાલે છે. ભારતની વિશ્વને સૌથી મોટી દેન છે શ્રીકૃષ્ણ. કૃષ્ણ શ્રાવણની એક અંધારી રાતે મથુરાની જેલમાં જન્મે છે અને પછી ગોકુળમાં તરખાટ મચાવી ગાયો ચરાવે છે, ગોપીઓની ગોરસ મટુકીઓ ફોડે છે, યમુનાના જળમાં કૂદી પડી કાળીયા નાગને નાથે છે અને ટચલી આંગળીએ ગોવર્ધન ધારણ કરીને ઈન્દ્રના કોપ સામે લોકપ્રતિકારનો મંત્ર પણ ગોકુળના ગોવાળિયાઓને શીખવે છે. માતા જશોદા અને નંદબાબાને જ નહીં, પ્રાણપ્રિયા રાધાને પણ રામ-રામ કરીને મથુરા નગરીમાં પહોંચી ક્રૂરતાના પર્યાય સમાન મામા કંસનો વધ કરે છે. પછી મથુરા સલામત નહીં લાગતાં યાદવો સાથે હિજરત કરીને છેક દેશના આથમણા કિનારે નવું રજવાડું વસાવે છે. દ્વારિકાધીશ અડધા બોલે દોડી પડી મહિલા મિત્રની લાજ બચાવી લે છે. એટલું જ નહીં, અર્જુનના સારથી બની તેમના શરણાર્થી પાંડવોને મહાભારતનું આદિ વિશ્વયુદ્ધ પણ જીતાડે છે. ઓગસ્ટ અને શ્રાવણ એકમેકમાં ભળી પર્યાયવાચી મહિના બની જતા હોય એવું નથી લાગતું? ઓગસ્ટ વિદેશી વર્ષનો આઠમો મહિનો છે, જ્યારે આપણો વિશ્વનાયક શ્રાવણ માસની અષ્ટમીએ જન્મેલો છે. ઓગસ્ટ એ ઓગસ્ટ છે. એ આપણને ગોકુળથી લઈને રોમ સુધી સરખો મહિમાવંત લાગે છે. એ પ્રથમ રોમન સમ્રાટ ઓગસ્ટસના નામે ઓળખાય છે, છતાં એ આપણા નંદકિશોરને પણ લાડ લડાવે છે. તેમને કારાગારથી કુરુક્ષેત્ર સુધી અણનમ રાખે છે. એ ભારતની આઝાદીનું રણશિંગું પણ ફૂંકે છે અને પછી લાલ કિલ્લાની પ્રાચીર પર તિરંગો બની લહેરાઈ ઊઠે છે. એ મહાગુજરાત આંદોલનથી આખા હિંદુસ્તાનમાં “જય જય ગરવી ગુજરાત”વાળું નર્મદ રચિત ગીત ગુંજી ઊઠે છે, તો વળી અખંડ ભારતના અભિન્ન અંગ તરીકે ગણાવી કાશ્મીરની અલગ ઓળખ ભૂંસી શકે છે. એ પાંચસો વર્ષથી ચાલતા ધર્મસંઘર્ષનો ઉકેલ આણીને રામલલાને તેમની જન્મભૂમિમાં પુનઃસ્થાપિત કરે છે. ઓગસ્ટ, તું મહાન છે દોસ્ત!

## રાહુલ, અખિલેશ, તેજસ્વી: યુરોપમાં રજાઓ ગાળવાના શોખીન

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ અને રાષ્ટ્રીય જનતા દળના વડા તેજસ્વી યાદવ વચ્ચે શું સમાનતા છે? જાણવા મળ્યું છે કે આ ત્રણેય નેતાઓને દર ઉનાળામાં યુરોપમાં રજાઓ ગાળવી ગમે છે. જ્યારે દિલ્હીના જંતર-મંતર પર કાળઝાળ ગરમીમાં કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે અન્ય વિપક્ષી પક્ષોના નેતાઓ અને ડાબેરી વિદ્યાર્થી સંગઠનોના કાર્યકરો ધરણા પર બેઠા હતા, ત્યારે રાહુલ ગાંધીએ યુરોપમાં એક મહિનો વિતાવ્યો હતો. તેઓ સોનમ વાંગચુકની ભૂખ હડતાલના મોટાભાગના સમય દરમિયાન ગેરહાજર રહ્યા હતા અને ૨૦ જુલાઈના રોજ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવાના થોડા દિવસો પહેલાં જ પરત ફર્યા હતા. બરાબર એ જ સમયે વિરોધ પ્રદર્શન ચરમસીમાએ પહોંચ્યું હતું અને દેશભરના શહેરોની શેરીઓ સુધી વિસ્તરી ગયું હતું. અખિલેશ યાદવ પણ તેમના પરિવાર સાથે યુરોપમાં હતા અને તેઓ તેમની રજાઓનો મોટો ભાગ યુનાઇટેડ કિંગડમમાં વિતાવી રહ્યા હતા. તેજસ્વી યાદવનું પણ એવું જ હતું. તેમણે બિહારના રાજકારણમાં એક નિર્ણાયક વળાંક દરમિયાન યુરોપમાં દસ દિવસ વિતાવ્યા હતા. બાંકીપુર વિધાનસભાની પેટાચૂંટણી ચાલી રહી હતી, પ્રચાર પૂરજોશમાં હતો અને ભાજપના આ ગઢમાં જન સુરાજ પાર્ટીના અંતિમ વિજેતા પ્રશાંત કિશોર ભારે ચર્ચા જગાવી રહ્યા હતા. જ્યારે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો ચરમસીમાએ હતા ત્યારે સંસદની અંદર અને બહાર ઊંચી સક્રિયતા સાથે પોતાની રાજકીય પકડ ફરી મેળવવામાં સફળ રહ્યા હતા, ત્યારે તેજસ્વી યાદવની પાર્ટીએ એક મહત્વપૂર્ણ ચૂંટણી દરમિયાન તેમના નેતાની ગેરહાજરી માટે મોટો ભોગ આપવો પડ્યો હતો. બાંકીપુરથી આરજેડીના ઉમેદવાર રેખા ગુપ્તા માત્ર ચૂંટણીમાં ત્રીજા ક્રમે જ રહ્યા નહોતા, પરંતુ લઘુત્તમ જરૂરી મતોથી ૭,૦૦૦ કરતાં વધુ મત ઓછા મળતાં તેમણે પોતાની ડિપોઝિટ પણ ગુમાવી દીધી હતી. આ પ્રક્રિયામાં આરજેડીએ વિપક્ષની મૂલ્યવાન જગ્યા પ્રશાંત કિશોર અને તેમની પાર્ટી જેએસપી (JSP) માટે છોડી દીધી હોય તેવું લાગે છે. ચૂંટણી પ્રચારના મોટાભાગના સમય દરમિયાન તેજસ્વી યાદવની ગેરહાજરીએ આરજેડીની અંદર જ તેમની પાર્ટી અને રાજકારણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અંગે સવાલો ઊભા કર્યા છે. અગ્રણી રાજકીય વંશના આ ત્રણેય વારસદારો પોતાની પાર્ટીઓના ભોગે પણ પોતાના વિરામના સમયને વધુ મહત્વ આપતા હોય તેવું જણાય છે.



**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## રામ મંદિર દાનચોરીથી સંઘ પરિવાર હચમચી ગયો છે

અયોધ્યામાં રામ મંદિરમાં થયેલી દાનચોરીની ઘટનાની સંઘ પરિવાર પર ગંભીર અસર પડી રહી છે. સંઘ પરિવારે જ મંદિર માટેના આંદોલનનું નેતૃત્વ કર્યું હતું અને તેના નિર્માણની દેખરેખ રાખી હતી. પહેલો ભોગ ચંપત રાયનો લેવાયો હતો, જેઓ રામ મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી તથા વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખ છે. વિશ્વ હિન્દુ પરિષદે ૧૯૮૦ના દાયકામાં મંદિર આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. તાજેતરમાં ભોગ બનનાર ભૈયાજી જોશી છે, જેમણે ગયા અઠવાડિયે મંદિર ટ્રસ્ટના પેટ્રન પદેથી રાજીનામું આપ્યું હતું. મોહન ભાગવત પછી આરએસએસમાં એક સમયે બીજા સૌથી શક્તિશાળી વ્યક્તિ ગણાતા ભૈયાજી જોશીએ આરએસએસમાં પોતાની સત્તાવાર ફરજોમાંથી નિવૃત્ત થયા પછી પણ સંઘ પરિવારમાં પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો હતો. આરએસએસમાંથી નિવૃત્ત થયા પછી તેમને મંદિર ટ્રસ્ટના પેટ્રન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે ચંપત રાય કે ભૈયાજી જોશી બંનેમાંથી કોઈના પર પણ દાનચોરીમાં સીધા સામેલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો નથી, પરંતુ બંનેએ મંદિરમાં થયેલી આ ગેરરીતિની નૈતિક જવાબદારી સ્વીકારી છે. તેમના રાજીનામાથી સંઘ પરિવારના વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે, કારણ કે બંને આરએસએસ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં અગ્રણી નેતાઓ તથા માર્ગદર્શક રહ્યા છે. રામ મંદિરમાં થયેલા નાણાકીય કૌભાંડના પગલે આ બે મહત્વપૂર્ણ રાજીનામાની શું અસરો થશે તે હજુ સામે આવવાનું બાકી છે. જોકે એવું લાગે છે કે સંઘ પરિવારમાં બધું બરાબર નથી ચાલી રહ્યું.




## હસીનાની પ્રેસ કોન્ફરન્સથી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તણાવ

મોદી સરકાર એક તરફ તાજેતરના દેશવ્યાપી જન ઝેડ (Gen Z) વિરોધ પ્રદર્શનોનો સામનો કરવા માટે મથી રહી છે, ત્યારે બીજી તરફ દિલ્હીસ્થિત વિદેશી સંવાદદાતાઓ સાથે ઓડિયો લિંક દ્વારા પદભ્રષ્ટ બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પત્રકાર પરિષદના કારણે સર્જાયેલા રાજદ્વારી ગૂંચવાડાને શાંત કરવાનો પ્રયાસ કરી રહી છે. હસીનાને વિદેશી પત્રકારોને સંબોધવા માટે પોતાની જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા બદલ બાંગ્લાદેશ સરકારે ભારત સમક્ષ સખત વિરોધ નોંધાવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે ઢાકાને આ પ્રસ્તાવિત મીડિયા ઇવેન્ટ વિશે અગાઉથી જાણ થઈ ગઈ હતી અને તેણે નવી દિલ્હીને ચેતવણી આપી હતી કે આ વાતચીત નાજુક દ્વિપક્ષીય સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. હસીનાએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં પદભ્રષ્ટ થયા પછી તેઓ ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યા છે.



# ઔર જબ કાનૂન પર હમલા હોતા હૈ તો મૈં તૂફાન બન જાતા હું, સમઝે?

ગુજરાતના આગેવાન અખબારે પહેલા પાને માસ્ટહેડની ઉપર આ હેડિંગ માર્યું. વધુમાં માસ્ટહેડની નીચે મૂક્યું: ‘ચાર પોલીસ કસ્ટડીમાં, એકનું ભેદી મોત અને બીજો ફરાર.’ આહવાના વિનોદ રિપોર્ટરની બાયલાઈન સાથેની આ સ્ટોરીમાં જમણી બાજુ છેલ્લી ત્રણ કોલમની બૉક્સ આઈટમનું હેડિંગ હતું: ‘એટીએસ સાવ જ અંધારામાં.’

આ બ્રેકિંગ ન્યૂઝથી પોલીસ તંત્ર અને અમલદારશાહીમાં ચહલપહલ વધી ગઈ તો સોશિયલ મીડિયામાં રીલ્સ અને વીડિયોની ભરમાર આવી. બની બેઠેલા નિષ્ણાતો ધડમાથા વિનાના બકવાસ સમા પોતાના અજ્ઞાનસભર હથોડા દર્શકોના માથા પર ઝીંકતા હતા. અબુધ લોકો લાઈક, કોમેન્ટ અને શેરની લહાણીમાં વહી રહ્યા હતા. આ બધા હંગામાને નફરત સાથે નિહાળતા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા કોર્ન-ફ્લેક્સને ન્યાય આપી રહ્યા હતા. મોબાઈલ ફોન હાથમાં લેતા ધ્યાનમાં આવ્યું કે રાત્રે ગુજરાત એટીએસના વડા કર્મવીર શાહનો કોલ મિસ થયો હતો. થોડું વિચારીને પુષ્કર્ણાએ કોલબેક કર્યો. ફોન ઉપાડાયો નહીં, પરંતુ કર્મવીર શાહનો ઓડિયો મેસેજ આવ્યો:

‘બે વાગ્યે આપની આહવા ઓફિસમાં મહેમાન બનીને આવું છું. સ્થાનિક સ્વાદિષ્ટ જૈન લંચમાં સાથે જોડાશો તો ગમશે. અને હા, પ્લીઝ એની વ્યવસ્થા આપ જ કરાવી લેજો. સી યુ સૂન.’

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**




પુષ્કર્ણાને કર્મવીર શાહનો અવાજ ગમ્યો. એકદમ સહજ અને મૈત્રીપૂર્ણ લાગ્યો. તેમણે અવઢવ અનુભવી કે પોતાની આંતરસ્ફુરણા સાચી પડશે કે કર્મવીર વિશે સાંભળેલી વાતો?

પુષ્કર્ણાએ કાંડા ઘડિયાળમાં જોયું તો દસ વાગ્યા હતા. તેમણે ગણતરી માંડી. આહવાથી ગાંધીનગરનો અંદાજે ૩૯૦-૪૦૦ કિલોમીટરનો રસ્તો. સતત ડ્રાઈવિંગ થાય તો પણ આઠેક કલાક લાગે. એનો અર્થ એ કે ગુજરાત એટીએસના વડા કર્મવીર શાહની ટીમ સવારે છ વાગ્યે નીકળી હશે.

**આહવામાં ઘૂસ્યા અડધો ડઝન ખૂંખાર આતંકવાદી... ચાર પોલીસ કસ્ટડીમાં, એકનું ભેદી મોત અને બીજો ફરાર... એટીએસ સાવ જ અંધારામાં**

તૈયાર થવા માટે પુષ્કર્ણા ઊભા થયા ત્યાં મેસેજના નોટિફિકેશનનું ટ્રિંગ સંભળાયું. લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડનો મેસેજ હતો:

‘જય હિન્દ સર, ખૂબ અર્જન્ટ અને પર્સનલ કામ માટે બે દિવસની રજા લેવી પડી છે. અગાઉ લેવાનો હતો, પણ ડાંગ દરબારના ટેન્શનને લીધે જઈ ન શક્યો. થેન્ક યુ.’

પુષ્કર્ણાને જયદીપ રાઠોડની સ્ટાઈલ કાયમની જેમ ગમી. આજનો વિવેક પણ સારો લાગ્યો. પરંતુ કર્મવીર શાહની મુલાકાત વખતે એ આસપાસ હોત તો ગમ્યું હોત.

હકીકતમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ પણ એવું જ ઈચ્છતા હતા. બાય રોડ મુંબઈ તરફ આગળ વધતી કારની પાછળની સીટ પર હાથમાં મોબાઈલ ફોન લઈને બેઠેલા જયદીપ રાઠોડની બાજુમાં આજનું સવારનું અખબાર પડ્યું હતું, જેની હેડલાઈન્સ ચીસ પાડી રહી હતી:

‘આહવામાં ઘૂસ્યા અડધો ડઝન ખૂંખાર આતંકવાદી... ચાર પોલીસ કસ્ટડીમાં, એકનું ભેદી મોત અને બીજો ફરાર... એટીએસ સાવ જ અંધારામાં.’

મોઢું મચકોડીને જયદીપ રાઠોડે કાંડા ઘડિયાળમાં જોયું અને બબડ્યા, ‘આઠ મિનિટ થઈ ગઈ, વધુ એટલી રાહ જોઈ લઉં.’

પછી તેઓ પોતાના મનગમતા શોખે વળગ્યા. ફોનમાં ડાઉનલોડ કરીને રાખેલી, હીરોને પોલીસના રોલમાં ચમકાવતી સાઉથની હિટ ફિલ્મોમાંથી એક શરૂ કરી, અવાજ મ્યૂટ કરી દીધો અને ફોરવર્ડ કરવા માંડ્યા. એક જગ્યાએ ફિલ્મ પ્લે કરી અને મૂછને વળ દેતા બોલવા માંડ્યા:

‘શેર બનને કે લિયે જંગલ નહીં, જીગરા ચાહિયે, ઠાકુર.’

ફિલ્મ થોડી વધુ ફોરવર્ડ કરીને ફરી શરૂઆત કરી:

‘મેરી સબ સે બડી તાકત મેરી વર્દી નહીં, મેરા વાદા હૈ.’

ફિલ્મ આગળ ફોરવર્ડ કરે ત્યાં જ ફોનની બેલ વાગી. કોલર હતો યજ્ઞેશ શેટ્ટી, એસ.પી. પુષ્કર્ણા સરનો પી.એ.

‘ગુડ મોર્નિંગ, રાઠોડજી. હું બાથરૂમમાં હતો એટલે ફોન રિસિવ ન થયો. સોરી.’

‘સોરી? મને તો ગમ્યું ભાઈ. બહુ જ ગમ્યું. મર્યા પછી લાશને અંતિમ સ્નાન કરાવવાનું હોય. તમે એ કામ જીવતેજીવ કરી લીધું. વેરી ગુડ.’

‘રાઠોડજી, હું સમજ્યો નહીં... કઈ વાત?’

‘અરે, ખોટું કેમ બોલો છો? આજના પેપરમાં તમારા ફેવરિટ રિપોર્ટરની મેઈન સ્ટોરી જોઈ જ હશે ને તમે. આજે બે વાગ્યે ગુજરાત એટીએસના ચીફ આવે એટલે આપી દઈએ તમારું નામ. પછી મરી જાઓ કે નહીં તમે?’ ‘...પણ... પણ સર, મેં એને કંઈ જ કહ્યું નથી. મારી મમ્મીની કસમ...’

**અતા-પતા-લાપતા -15**

‘પોલીસ કે કોર્ટમાં કસમ નહીં, પુરાવા અને સાક્ષી ચાલે. અને જો તમે માહિતી નથી આપી તો શોધી કાઢો કે કોણે આપી? હું વધુ રાહ નહીં જોઉં... શેટ્ટી સાહેબ, અપુન કાનૂન કા આદમી હૈ... મગર જબ કાનૂન પર હમલા હોતા હૈ તો મૈં તૂફાન બન જાતા હૂં. સમઝે? યોર ટાઈમ સ્ટાર્ટ્સ નાઉ... ટિક... ટિક... ટિક...’

ધક... ધક... ધક... કરતી દિલની ધડકનના અવાજથી પણ ગભરાતી હોય એમ કાવ્યા રાણાએ પોલીસ મુખ્યાલયના ગેટમાં પગ મૂક્યો. ત્યારે દૂર ઊભેલો સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબા ગુસ્સાથી હથેળી મસળી રહ્યો હતો. તો આહવાના જ એક અંધારિયા રૂમમાં કોઈ સેબાસ્ટિયન ગોન્સાલવિસની પોલીસ સ્ટેશનની દોડધામના વીડિયોની એડિટિંગ કરી રહ્યું હતું અને દર ૩૦ સેકન્ડે એમાં લાપતા થયેલી આયેશાના અલગ-અલગ ફોટા ઈન્સર્ટ કરી રહ્યું હતું. (ક્રમશઃ)

**સટ્ટાક** — **કમલ**

